આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૨-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## કેન્દ્રીય ગૃહમંત્રાલય-રાજય પુર નુકસાન મુલ્યાંકન

ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક સમિતિની રચના કરી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની આગેવાની હેઠળ એક ઇન્ટર-મિનિસ્ટિરિયલ સેન્ટ્રલ ટીમની રચના કરાઇ છે. આ સમિતિ ટૂંક સમયમાં જ રાજ્યનાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લીધેલા નિર્ણય અનુસાર ગૃહમંત્રાલયે IMCTની રચના કરી છે જેણે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત રાજ્યોની મુલાકાત લીધી હતી.

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------

## રાજય-વરસાદ બાદની કામગીરી

રાજ્યભરમાં ભારે વરસાદ બાદ માર્ગ મરામત, આરોગ્ય ચકસણી અને વીજ પુરવઠો પૂર્વવત્ કરવા સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

કચ્છ જિલ્લામાં પણ વરસાદ બાદ પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે પશુપાલન વિભાગ દ્વાર રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. કચ્છની 23 તેમજ બનાસકાંઠાના અને પાટણથી 8 ટીમ બોલાવીને કુલ ૩૧ ટીમ દ્વારા રસીકરણ, સારવારની તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે.. કચ્છમાં અત્યાર સુધીમાં 10 હજારથી વધુ પશુઓનું રસીકરણ અને 7 હજારથી

વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લાના 167 પશુ અને 3 હજારથી વધુ મરઘાના મોત થયાં છે.

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---

## રાજ્ય-નારી ગૌરવનીતિ-2024

રાજ્યમાં નારી ગૌરવ નીતિનું પુનઃ ઘડતર કરાયું છે. જે મહિલાઓના સશકિતકરણ અને આર્થિક ઉત્થાન માટે મહત્વની પુરવાર થશે..

નારી ગૌરવ નીતિ-૨૦૨૪માં મહિલાઓના સર્વાંગી વિકાસ, આધુનિક વિકાસ તેમજ તકનીકી વિકાસને અનુલક્ષી અગાઉની નીતિ પ્રમાણે ૮ ક્ષેત્રોનો સમાવેશ કરેલ છે, જેમાં શિક્ષણ અને રમતગમત, હિંસા અને સુરક્ષા, આરોગ્ય, પોષણ અને જીવનની ગુણવત્તા, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, સામાજિક સુરક્ષા અને કલ્યાણ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી અને આર્થિક પર્યાવરણની સાથે સાથે વહીવટ અને નિર્ણય-શક્તિનો સમાવેશ થાય છે. આ નીતિના અમલીકરણથી મહિલાઓનો સર્વાંગી વિકાસ થશે, તેવો સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---

## હવામાન-રાજય વરસાદ- આગાહી

આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. આજે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ હવામાન વિભાગે જાહેર કર્યું છે. આ ઉપરાંત આવતીકાલે દક્ષિણ ગુજરાતના જીલ્લાઓમાં અતિભારે વરસાદ વરસે તેવી પણ શક્યતા જાહેર કરીને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---

## હવામાન-કચ્છ-વરસાદ આગાહી

દરમ્યાન કચ્છ જીલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘ વિરામ વચ્ચે જન જીવન થાળે પડી રહ્યુ છે. આકાશ ખુલ્લુ થતાં વાતાવરણમાં ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. ગઈકાલે રવિવારે સવારે જીલ્લાના ભુજ,માંડવી અને નખત્રાણા વિસ્તારમાં ઝરમરીયો વરસાદ થતાં માર્ગો ભીંજાયા હતા.

હવામાન વિભાગે રાજ્યની સાથે કચ્છ જીલ્લામાં પણ આગામી 4 થી 6 સપ્ટેમ્બર દરમ્યાન મધ્યમથી ભારે વરસાદનું યલોએલર્ટ જાહેર કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છ જીલ્લામાં અત્યારસુધી મોસમનો 179 ટકા વરસાદ વરસી ચુક્યો છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------------

## કચ્છ-વીજ સેવા

કચ્છ જીલ્લામાં ગત સપ્તાહે ડીપ ડિપ્રેશનની અસરરૂપે સર્જાયેલી પરિસ્થિતિને કારણે વીજ સેવા પર ગંભીર અસર થઈ હતી. હાલમાં વરાપના માહોલ વચ્ચે જીલ્લાના પ્રભારીમંત્રી પ્રફુલ પાનસેરીયાના માર્ગદર્શન અને પી.જી.વી.સી.એલના મેનેજીંગ ડીરેક્ટર પ્રિતિ શર્માની આગેવાની હેઠળ કચ્છ અને અન્ય જીલ્લાની 115 ટીમ દ્વારા વીજ વીતરણ વ્યવસ્થાના પુન સ્થાપનની કામગીરી કરાતાં જીલ્લાના 700 થી વધુ ગામોમાં વીજ પુરવઠો પુર્વવત કરાયો હતો.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------------

## શ્રાવણ માસ સમાપન

મેળાઓ, પર્વો, વ્રત ઉપવાસના શ્રાવણ માસ આજે સમાપનને આરે છે. યોગાનું યોગ આ વર્ષે શ્રાવણ માસનો આરંભ સોમવાર થી થયો હતો અને આજે સોમવતી અમાસનાં પવિત્ર પર્વ સાથે તેનું સમાપન થાય છે. આજે સવારથી જ

જિલ્લાનાં દરેક ગામ-શહેરના શિવાલયો અને મંદિરોમાં લઘુ રુદ્ર, યજ્ઞ, મહા આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું રહેશે. જીલ્લા મથક ભુજ નજીક આવેલ રમણીય એવા સુરલ ભીટ ખાતે વહેલી સવારથી ભાવિકોની ભીડ જામી છે તો સાંજે ત્યાં સાંજે મેળો ભરાશે. બંદરીય શહેર માંડવીના સાગર કિનારા નજીક આવેલા ધ્રબુડી તીર્થ ખાતે પણ સવારથી મેળો ભરાયો છે. બીજી તરફ જૈનોનાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિતે વિવિધ કાર્યક્રમોથી વાતાવરણ ધર્મમય બન્યું છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## કચ્છ-ભુકંપનો આંચકો

પુર્વ કચ્છમાં વાગડ ફોલ્ટ લાઈન પર ગઈકાલે રાત્રે 9 અને 27 મિનિટે 3.3ની તીવ્રતાનો ભુંકપનો આંચકો નોંધાયો હતો. આ આંચકાનું કેન્દ્રબિંદુ રાપરથી 20 કિલોમીટર દુર પશ્ચિમ-પશ્ચિમદક્ષિણ ભરૂડીયા-રામવાવ વચ્ચે કુડા ગામ નજીક નોંધાયુ હતું.

**(આશુતોષ અંતાણી/NP)**

---